


સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા વદ - ૦૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

મેદાન પર હારેલો જીતી શકે છે, પરંતુ જે વ્યક્તિ તેના મનમાંથી હારે છે તે ક્યારેય જીતી શકતો નથી!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૯૭ ● તારીખઃ ૨૯.૦૯.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG


E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ઉજ્જૈનમાં શાહી મસ્જિદના વિવાદિત ભાગને હટાવવા મુદ્દે ભારે હોબાળો

## પોલીસ પર પથ્થરમારો, ટિયર ગેસ છોડાયાઃ સિંહસ્થ કુંભના માર્ગ પહોળા કરવા સામે વિરોધઃ ૨૦૦૦થી વધુ પોલીસ જવાનો તહેનાત, મામલો હાઈકોર્ટ પહોંચ્યો

**સમય સંદેશઃ ઉજ્જૈન**

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં શાહી મસ્જિદના એક ભાગને હટાવવાની કાર્યવાહી સામે સ્થાનિકો દ્વારા ભારે વિરોધ કરાતાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. સિંહસ્થ કુંભમેળાને ધ્યાને રાખીને કંઠાલ ચોકથી ગોપાલ મંદિર સુધીનો રસ્તો પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે, જે અંતર્ગત મસ્જિદનો અમુક ભાગ દૂર કરવાનો હોવાથી મુસ્લિમ સમાજમાં બે જૂથ પડી ગયા હતા. રવિવાર રાતથી જ ક્રેન અને પોકલેન્ડ મશીનો સાથે પહોંચેલા વહીવટીતંત્ર સામે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.



સોમવારે વિરોધ પ્રદર્શને હિંસક રૂપ ધારણ કરતાં ઉશ્કેરાયેલી ભીડે પોલીસ કાફલા પર આડેધડ પથ્થરમારો કર્યો હતો, જેને કાબૂમાં લેવા માટે પોલીસે ટિયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. સ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને વહીવટીતંત્રે ઘટનાસ્થળે આશરે ૨,૦૦૦ જેટલા સુરક્ષા જવાનોને તહેનાત કરી દીધા છે. સમગ્ર મસ્જિદ વિસ્તારના ૫૦૦ મીટરના ઘેરાવામાં બેરિકેડિંગ કરીને સામાન્ય અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ માર્ગ પહોળો કરવાની ઝુંબેશમાં

અનુ પાના નં.૨ પર

## ચૂંટણી કમિશનર સામેના આક્ષેપો મુદ્દે કેજરીવાલના પ્રહારઃ સીઈસીના બદલે સીધું વડાપ્રધાનનું રાજીનામું માંગવા CJPને આપી સલાહ

### 'ECના અધિકારીઓએ બોસના આદેશથી કર્યું કામ': દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ દેશની મતદાર યાદીમાં ગડબડના વિપક્ષના આક્ષેપોને સમર્થન આપ્યું



**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદી (SIR)માં ગડબડ કરવાના આક્ષેપો સાથે વિપક્ષોએ મોરચો ખોલ્યો છે, ત્યારે હવે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે આ મુદ્દે સીજેપી (CJP)ને મહત્ત્વની સલાહ આપી છે. કેજરીવાલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચના અધિકારીઓએ પોતાના સ્વાર્થ માટે નહીં પરંતુ 'બોસ'ના આદેશથી કામ કર્યું છે. તેથી વારંવાર નાના હોદ્દેદારો કે કમિશનર સામે આંદોલન કરવાને બદલે અને અલગ-અલગ લોકોના રાજીનામા માંગવાને બદલે સીજેપીએ સીધું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાજીનામું માંગવું જોઈએ અને તેમની સામે જ આંદોલન છેડવું જોઈએ. અરવિંદ કેજરીવાલે ચૂંટણી પંચની કાર્યપ્રણાલી અને સોફ્ટવેર સામે ગંભીર

અનુ પાના નં.૨ પર

## યુપીના ફતેહપુરમાં રાંધણ ગેસ સિલિન્ડર બ્લાસ્ટથી બે માળનું મકાન ધરાશાયીઃ ૫થી ૬ લોકો કાટમાળ નીચે દટાયા, ૪ના મોતની આશંકા

**સમય સંદેશઃ ફતેહપુર**

ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં સોમવારે સાંજે એક અત્યંત દર્દનાક દુર્ઘટના સામે આવી છે. માલવા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના એક નગરમાં રસોઈ બનાવતી વખતે અચાનક રાંધણ ગેસનો સિલિન્ડર ભીષણ વિસ્ફોટ સાથે ફાટતાં એક ફળ વિક્રેતાનું બે માળનું મકાન પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. આ તીવ્ર ધડાકાના કારણે આસપાસના અન્ય બે મકાનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું અને સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં ૫ થી ૬ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા, જેમાં એક જ પરિવારના ૪ સભ્યોના મોત થયા હોવાની આશંકા સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને ગ્રામજનોની મદદથી કાટમાળ હટાવી બચાવ કામગીરી શરૂ કરી હતી. ગંભીર રીતે ઘવાયેલા બે લોકોને સારવાર અર્થે મેડિકલ કોલેજ ખસેડાયા છે. આ ગંભીર ઘટનાની નોંધ લેતાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર પહોંચીને રાહત-બચાવ કામગીરી યુદ્ધના ધોરણે તેજ કરવા અને ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર પૂરી પાડવા આદેશ આપ્યા છે. હાલ પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન ચાલુ રખાયું છે અને બ્લાસ્ટ પાછળના ચોક્કસ કારણો અંગે તપાસ હાથ ધરાઈ છે.

## સુરતના કાપડ બજારમાં આગનો ગભરાટઃ સંગીની હબ-૨ માર્કેટમાં ભીષણ આગથી અફરાતફરી, ૧૫થી વધુ ફાયર ફાઈટરો મેદાને

### દિવાળીના માલસામાનના સ્ટોક વચ્ચે શોર્ટ સર્કિટથી આગ લાગ્યાની આશંકા, સદનસીબે જાનહાનિ ટળી

**સમય સંદેશઃ સુરત**

શહેરના ટેક્સટાઇલ હબ ગણાતા કાપડ બજારમાં ફરી એકવાર આગની ગંભીર ઘટના સામે આવતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સંગીની હબ-૨ ટેક્સટાઇલ માર્કેટના પહેલા માળે આવેલી એક દુકાનમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં અને કાળા ધુમાડાના ગોટેગોટા સમગ્ર માર્કેટમાં ફેલાઈ જતાં વેપારીઓ, ગ્રાહકો અને શ્રમિકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર વિભાગની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી અને શહેરના વિવિધ ફાયર સ્ટેશનોમાંથી ૧૫થી વધુ ફાયર ટેન્ડરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ફાયરના જવાનોએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને સમગ્ર માર્કેટને સુરક્ષિત રીતે ખાલી કરાવ્યું હતું. કાપડનો મોટો જથ્થો હોવાના કારણે આગ અન્ય દુકાનોમાં પ્રસરે નહીં તે માટે ચારેય તરફથી પાણીનો



સતત મારો ચલાવવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તેમજ સુરતના મેયર માયાબેન માવાણી સહિતના પદાધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતિની સમીક્ષા કરી બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીના કારણે આગને અન્ય વિસ્તારોમાં ફેલાતી અટકાવી શકાઈ હતી.

દિવાળીનો તહેવાર નજીક હોવાથી માર્કેટમાં વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં કાપડનો સ્ટોક રાખવામાં આવ્યો હતો, જેના કારણે આ ઘટનાથી વેપારીઓમાં ભારે ચિંતા અને ફાળ પડી હતી. સદનસીબે ફાયર વિભાગની સમયસરની કામગીરીથી કોઈ મોટી જાનહાનિ થવા પામી નથી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું મુખ્ય કારણ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે, પરંતુ આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ અને તપાસ પૂર્ણ થયા પછી જ ચોક્કસ કારણ અને થયેલા આર્થિક નુકસાનનો સાચો અંદાજ સામે આવશે.

## માધવપુરમાં વિકાસના નામે નાખેલા બ્લોક ઉખડ્યા, રસ્તા બન્યા બિસ્માર!

### વરસાદી અને ગંદા પાણીના ખાબોચિયાંથી લોકો પરેશાન; વારંવાર રજૂઆત છતાં સમસ્યાનો કાયમી ઉકેલ નહીં

**સમય સંદેશઃ માધવપુર (ઘેડ) (ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

માધવપુર ગ્રામપંચાયત દ્વારા વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર નાખવામાં આવેલા બ્લોક હવે ઉખડી જતાં વિકાસકામની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. બ્લોક ઉખડી જવાના કારણે અનેક સ્થળોએ રસ્તાની સપાટી અસમતલ બની ગઈ છે, જ્યારે વરસાદી તેમજ ગંદા પાણીના ભરાવાથી રસ્તાઓ પર ખાબોચિયાં સર્જાયા છે. પરિણામે સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થળ પર રસ્તાની સ્થિતિ જોતા અનેક જગ્યાએ બ્લોક પોતાની જગ્યાએથી ઉખડી ગયા હોવાનું જોવા મળે છે. જ્યાં એક સમયે વ્યવસ્થિત રસ્તાની સુવિધા ઊભી કરવામાં આવી હતી, ત્યાં હવે તૂટેલા અને ખસી ગયેલા બ્લોક તેમજ પાણી ભરાવાની સમસ્યાને કારણે લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. વરસાદ પડે ત્યારે સ્થિતિ વધુ ગંભીર બનતી હોવાના કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ પણ ઊભું થતું



હોવાની સ્થાનિકોમાં ચિંતા છે.

રસ્તા પર પાણી ભરાઈ રહેવાના કારણે રાહદારીઓ માટે પણ અવરજવર મુશ્કેલ બની છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને રસ્તો પસાર કરવામાં મુશ્કેલી પડે છે. બીજી તરફ, ઉખડેલા બ્લોક પરથી વાહનો પસાર થતાં વાહનચાલકોને પણ પરેશાનીનો સામનો કરવો પડે છે.

#### વારંવાર રજૂઆત છતાં કામગીરી ક્યાં?

સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તાની બિસ્માર હાલત અને પાણી ભરાવાની સમસ્યા અંગે ગ્રામપંચાયત તથા સંબંધિત તંત્રને વારંવાર જાણ કરવામાં આવી છે. તેમ છતાં હજુ સુધી સમસ્યાનું કાયમી નિરાકરણ કરવામાં આવ્યું નથી. જેના કારણે સ્થાનિકોમાં તંત્રની કામગીરી સામે નારાજગી જોવા મળી રહી છે.

લોકોનો સવાલ છે કે જો રસ્તા પર નાખવામાં આવેલા બ્લોક થોડા સમય બાદ જ ઉખડી જાય અને ફરીથી રસ્તો બિસ્માર બની જાય, તો કરવામાં આવેલા કામની ગુણવત્તા અંગે તપાસ કેમ કરવામાં આવતી નથી? સાથે જ પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા વિના કરવામાં આવેલા રસ્તાના કામને કારણે ફરીથી સમસ્યા સર્જાય તો જવાબદારી કોની તેવો પ્રશ્ન પણ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

#### કાયમી ઉકેલની સ્થાનિકોની માંગ

સ્થાનિકોએ ગ્રામપંચાયત અને સંબંધિત તંત્રને તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ રસ્તાની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરવા માંગ કરી છે. ઉખડી ગયેલા બ્લોકનું યોગ્ય રીતે સમારકામ કરાવવાની સાથે પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા પણ માંગ કરવામાં આવી છે.

હવે જોવાનું એ રહ્યું કે સ્થાનિકોની રજૂઆત બાદ તંત્ર દ્વારા માત્ર તાત્કાલિક પેચવર્ક કરવામાં આવે છે કે પછી પાણીના નિકાલ સહિત રસ્તાની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે છે.

## GSTની જટિલતા, નોટિસોના વિરોધમાં જામનગરનો બ્રાસ ઉદ્યોગ સજ્જડ બંધઃ૧૨થી વધુ સંગઠનોના સંયુક્ત નેતૃત્વમાં હજારો ઉદ્યોગકારોએ મૌન બાઈક રેલી કાઢી, કલેક્ટર મારફતે વડાપ્રધાનને આવેદનપત્ર આપ્યું








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશના સૌથી મોટા બ્રાસ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઓળખાતા જામનગરમાં જીએસટી વિભાગની આડેધડ નોટિસો અને કાયદાકીય જટિલતાઓ સામે ઉદ્યોગકારોનો રોષ ફાટી નીકળ્યો છે. જીએસટીના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે સ્થાનિક વેપાર-ઉદ્યોગ સંગઠનોના સંયુક્ત આહ્વાન પર સમગ્ર બ્રાસ ઉદ્યોગે સ્વયંભૂ સજ્જડ બંધ પાળ્યો હતો. જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન, ચેમ્બર ઓફ કોમર્સ અને જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન સહિત ૧૨થી વધુ સંલગ્ન સંસ્થાઓના નેતૃત્વ હેઠળ હજારો ઉદ્યોગકારોએ વિરોધ દર્શાવતા પ્લેકાર્ડ સાથે મૌન બાઈક રેલી યોજી હતી. ઉદ્યોગકારોએ કલેક્ટર કચેરી પહોંચી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધતું આવેદનપત્ર પાઠવી જીએસટી કાયદામાં યોગ્ય સુધારા કરવા અને પ્રામાણિક કરદાતાઓના હકોનું રક્ષણ કરવા પ્રબળ માંગણી કરી છે.

જામનગરમાં આશરે ૭,૦૦૦ જેટલા ઔદ્યોગિક એકમો કાર્યરત છે,

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં સફાઈ કામદારોનું આંદોલન વધુ આક્રમકઃ મહાનગર પાલિકાના દરવાજે છાવણી બાંધી અનિશ્ચિતકાલીન આમરણ ઉપવાસ

### પડતર માંગણીઓ નહીં સંતોષાય તો ૦૨ ઓક્ટોબરે સફાઈ કામગીરી બંધ રાખી શહેરમાં રેલી કાઢવાની ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના સફાઈ કામદારોની પડતર માંગણીઓના નિરાકરણ લાવવા માટે 'રાષ્ટ્રીય સફાઈ કરમચારી મજદૂર યુનિયન' દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન હવે વધુ આક્રમક બન્યું છે. યુનિયન દ્વારા તા. ૨૪ સપ્ટેમ્બરથી મનપાના પટાંગણમાં આ મરણ ઉપવાસ સાથે વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવ્યું હતું. જે અંતર્ગત સોમવારે મહાનગરપાલિકાના મુખ્ય દ્વારની બાજુમાં છાવણી બાંધીને પ્રશાસન સામે અનિશ્ચિતકાલીન આમરણ ઉપવાસ, ધરણ અને વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

યુનિયનના આગેવાનોના જણાવ્યા મુજબ, તંત્ર દ્વારા જો આ પડતર માંગણીઓનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આવનારી તા. ૦૨ ઓક્ટોબરના રોજ સમગ્ર શહેરમાં સફાઈ કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. એટલું જ નહીં, સફાઈ કામદારો એકત્રિત થઈ મનપા પ્રશાસન વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે શહેરમાં

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી




## તંત્રી સ્થાનેથી..

### સમયનું સત્ય !

૨૧મી સદીની સમસ્યાઓનો સામનો ૧૯૪૫ના સમયની વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી સંસ્થાઓથી કરી શકાય નહીં. મહાસભામાં પોતાના અંતિમ સંબોધનમાં તેમણે વિશ્વને વિભાજિત કરતી તિરાડો વધુ ઊંડી બની રહી હોવાની ચેતવણી આપી અને વિખંડન, અવિશ્વાસ તથા માત્ર પોતાના હિતને ધ્યાનમાં રાખનારી રાજનીતિને બદલે પરસ્પર નિર્ભરતા પર આધારિત વ્યવસ્થાની અપીલ કરી. તેમણે સુરક્ષા પરિષદમાં પણ સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, જેથી તે આજની ભૂરાજકીય વાસ્તવિકતાઓનું વધુ યોગ્ય પ્રતિનિધિત્વ કરી શકે આથી ગુટેરેસના અનુગામીની પસંદગી માત્ર નવા મહાસચિવની નિયમિત નિમણૂકનો મુદ્દો નથી. યુએન મહાસચિવ પાસે મર્યાદિત સત્તા છે, પરંતુ આ પદ હજુ પણ સંઘર્ષોમાં મધ્યસ્થી, રાજદ્વારી સંવાદના મંચ અને આંતરરાષ્ટ્રીય સહકારના અવાજ તરીકે મહત્વપૂર્ણ છે. નવા મહાસચિવની ઔપચારિક પસંદગી પ્રક્રિયા ૨૦૨૫માં શરૂ થઈ હતી અને તેમાં ઉમેદવારોના નામ જાહેર કરવા, તેમના વિઝન સ્ટેટમેન્ટ રજૂ કરવા તથા સંવાદાત્મક બેઠકો જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. ગયા વખતે ૮૦મું સત્ર પૂર્ણ થયા બાદ આ પ્રક્રિયાની જવાબદારી મહાસભાના નવા અધ્યક્ષ ખલીલુર રહેમાનને સોંપાઈ છે. ગુટેરેસનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બરે પૂર્ણ થવાનો હોવાથી આ ચાલુ ૮૧મું સત્ર નેતૃત્વ પરિવર્તનની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. દક્ષિણ એશિયા માટે પણ આ પરિવર્તનનું વિશેષ મહત્વ છે, કારણ કે બાંગ્લાદેશના વિદેશમંત્રી ખલીલુર રહેમાનને ૮૧મી મહાસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. રહેમાને ગુપ્ત મતદાનમાં સાયપ્રસના એન્ડ્રિયાસ કાકૌરિસને ૯૯ સામે ૯૧ મતથી હરાવ્યા હતા અને ૮ સપ્ટેમ્બરે સત્તાવાર રીતે અધ્યક્ષપદ સંભાળ્યું હતું. પરંતુ મહાસભાના પ્રારંભિક દિવસોએ એ જ દર્શાવ્યું છે કે સુધારા કરવાનું કામ કેટલું મુશ્કેલ છે. વિશ્વના સૌથી શક્તિશાળી નેતાઓના ભાષણોમાં ઘણી વખત એવા મતભેદો અને વિભાજનો દેખાયા છે જેને દૂર કરવાનું કામ સંયુક્ત રાષ્ટ્ર પાસેથી અપેક્ષિત છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સંબોધન મૂર્ખતાયુક્ત ને આક્રમક હતું. તેમણે અમેરિકાની સૈન્ય કાર્યવાહી અને વિદેશ નીતિના નિર્ણયનો બચાવ કર્યો, રાજદ્વારી પ્રયાસો નિષ્ફળ જાય તો ઈરાનને નષ્ટ કરવાની ચેતવણી આપી અને અગાઉ ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ સહિત અનેક યુદ્ધો અને સંઘર્ષોના ઉકેલમાં પોતે ભૂમિકા ભજવી હોવાનો દાવો કર્યો.



## હાલારના હાલહવાલ



# ખંભાળીયાના ઈતિહાસમાં પ્રથમ વખત સાપને કૃત્રિમ શ્વાસ આપી નવજીવન આપવાનો પ્રયાસ

## ધરમપુરમાં નેટની ઝાડીમાં ફસાયેલા ધામણનું રેસ્કયુ કરાયું

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીકના ધરમપુર ગામના રહેણાક વિસ્તારમાં નેટની ઝાડીમાં ધામણ પ્રજાતિનો એક સાપ લાંબા સમયથી ફસાઈ ગયો હતો. તીક્ષ્ણ નેટમાં ફસાયેલા હોવાને કારણે સાપના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેની હાલત અત્યંત નાજુક બની ગઈ હતી. સ્થાનિક રહીશો દ્વારા આ અંગે 'એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ'ને જાણ કરાતાં સંસ્થાના સેવક કુણાલ વાઘેલા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી



ગયા હતા. તેમણે ભારે જહેમત બાદ નેટને સાવચેતીપૂર્વક કાપીને સર્પને બહાર કાઢ્યો હતો. રેસ્ક્યુ દરમિયાન સાપ મૂર્છિત અને ગંભીર હાલતમાં જણાતાં તેનો જીવ બચાવવા માટે સેવક દ્વારા તેને કૃત્રિમ શ્વાસ (માઉથ-ટુ-માઉથ) આપવાનો સંવેદનશીલ પ્રયાસ કરવામાં આવ્યો હતો. મૂર્છિત અવસ્થામાં રહેલા સર્પમાં જીવનના સંકેતો જળવાઈ રહે તે માટે જીવદયા પ્રેમીઓ દ્વારા તબીબી અને પ્રાથમિક સારવારની તાત્કાલિક તજવીજ હાથ ધરવામાં આવી હતી. સમયસરના રેસ્ક્યુ અને વન્યજીવો પ્રત્યે દર્શાવાયેલી આ અનોખી સંવેદનશીલ કામગીરીની સ્થાનિકોએ ભારે સરાહના કરી હતી.

# ભાદરવી પુનમે દ્વારકામાં ભક્તિનું ઘોડાપુર : સ્વર્ગદ્વારથી સુદામા સેતુ સુધી ભાવિકોની લાંબી કતારો



**સમય સંદેશઃ દ્વારકા**

ભાદરવી પૂર્ણિમાના પાવન પર્વે યાત્રાધામ દ્વારકામાં આસ્થાનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી જ ભગવાન દ્વારકાધીશના દર્શન માટે દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ દ્વારકા પહોંચ્યા હતા, જેના કારણે સ્વર્ગદ્વાર અને છપ્પન સીડીથી લઈને સુદામા સેતુ સુધી દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી. જગતમંદિરમાં સવારે ૬ થી બપોરે ૧ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહ્યા હતા અને સમગ્ર ધામ ''જય દ્વારકાધીશ''ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ભાદરવી પૂનમની સાથે જ પવિત્ર શ્રાદ્ધપક્ષનો પ્રારંભ થતાં વહેલી સવારથી જ ભાવિકોએ પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરી પુણ્યલાભ મેળવ્યો હતો તેમજ ગોમતી તટે પિતૃતર્પણ અને ધાર્મિક વિધિઓ પૂર્ણ કરી કાળિયા ઠાકોરના શરણમાં ધન્યતા અનુભવી હતી.

આ પવિત્ર અવસરે શ્રદ્ધાળુઓ દ્વારા ગાયોને ઘાસચારો અર્પણ કરીને તથા જરૂરિયાતમંદોને જલેબી-ગાંઠિયાના નાસ્તા અને ભોજનનું વિતરણ કરીને દાન-પુણ્યની સરવાણી વહાવવામાં આવી હતી. યાત્રિકોની ભારે ભીડને ધ્યાને રાખીને દર્શનાર્થીઓ સુગમ અને શાંતિપૂર્ણ રીતે દર્શન કરી શકે તે માટે નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ અને મહિલા પોલીસ કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. ભીડ નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થા જાળવીને તંત્ર દ્વારા દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# ખંભાળીયાના ભાલા ભોખરીથી માતા વિહોણા નીલ ગાયના બચ્ચાનું સફળ રેસ્કયુ કરાયું



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ભાણખોખરી ગામના વાડી વિસ્તારમાંથી માતા વિહોણું અને તાજું જન્મેલું નીલગાયનું બચ્ચું અનાથ અને રસ્તે રઝળતી હાલતમાં મળી આવ્યું હતું. સ્થાનિક રહીશે આ બચ્ચાને પોતાની વાડીમાં રાખી એક દિવસ સુધી તેની માતાની શોધખોળ કરી સાંભાળ લીધી હતી. જોકે, માતાનો કોઈ પત્તો ન લાગતાં તેમણે ભાણવડના જાણીતા જીવદયા પ્રેમી અશોકભાઈ ભટ્ટનો સંપર્ક સાધ્યો હતો. ઘટનાની જાણ થતાં જ 'એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ'ની ટીમ તાત્કાલિક એનિમલ એમ્બ્યુલન્સ સાથે સ્થળ પર પહોંચી હતી અને બચ્ચાને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું. રેસ્ક્યુ બાદ બચ્ચાને શિવ બળદ આશ્રમ ખાતે ખસેડી પ્રાથમિક સારવાર અપાઈ હતી તથા ભૂખ્યા બચ્ચા માટે ગાયના દૂધની ત્વરિત વ્યવસ્થા કરવામાં આવી હતી. હાલ વન વિભાગના માર્ગદર્શન હેઠળ આ નાનકડા બચ્ચાને બરડા ડુંગર સ્થિત કિલેશ્વર નજીક આવેલા સાબર ઉછેર કેન્દ્ર ખાતે રિફર કરવાની કાયદેસરની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર સરાહનીય રેસ્કયુ કામગીરીમાં એનિમલ લવર્સ ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ, મેરામણભાઈ, ધવલ સોનગરા તેમજ સ્થાનિક અગ્રણીઓ કાનભાઈ ચાવડા અને બી.ડી. જાડેજાએ મહત્વનું યોગદાન આપ્યું હતું.

# ઓખામાં દેશીદારૂનો ગેરકાયદે 'બાર' પકડાયો

## મહિલા સહિત ૯ પકડાયા : રૂ.૪.૯૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના આર.કે. બંદર વિસ્તારમાં એક મહિલા દ્વારા પોતાના વાડામાં ગ્રાહકોને દેશી દારૂ પીવાની સુવિધા પૂરી પાડવામાં આવતી હોવાની બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં મહિલા સંચાલક વલુબેન માણેક, દારૂ સપ્લાય કરનાર ઓઘડભા સુમણીયા, વેચાણ-વ્યવસ્થામાં મદદ કરતા ચાર સાગરીતો તથા સ્થળ પરથી દારૂ પીતા પાંચ ગ્રાહકો સહિત કુલ ૯ શખ્સોને રૂ. ૪.૯૯ લાખના મુદ્દામાલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા. પૂછપરછમાં ખુલ્યું હતું કે, મહિલા દ્વારા વાડામાં ગ્લાસ, પાણી અને બેઠક વ્યવસ્થા પૂરી પાડીને બેફામ રીતે દેશી દારૂનું પીઠું ચલાવવામાં આવી રહ્યું હતું.


બીજા બનાવમાં, કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામના વાડી વિસ્તારમાં રામા ગીગા ઓડેદરા દ્વારા ચલાવાતા ગેરકાયદે જુગારના અખાડા પર રાવલ આઉટ પોસ્ટ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડા દરમિયાન સંચાલક રામા ઓડેદરા તેમજ ચાર મહિલાઓ- હીનાબેન પરમાર, શાંતીબેન કેશવાલા, સુમરીબેન ખૂંટી અને રૂપીબેન સિંઘલને ગંજ વશતપત્તાનો જુગાર રમતા ઝડપી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૩૨,૫૦૦ ની રોકડ, ૩ મોબાઈલ, બાઈક અને કાર મળી કુલ રૂ. ૧,૬૨,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ દરોડા વેળાએ ગોરાણા ગામનો પ્રફુલ ભૂતિયા નામનો શખ્સ નાસી છૂટતાં પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુર પંથકમાં પોકસોના કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદ સજા

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર પંથકમાં પાંચ વર્ષ અગાઉ બનેલા સગીરાના અપહરણ અને દુષ્કર્મના ચકચારી કેસમાં દ્વારકાની સ્પેશિયલ પોક્સો કોર્ટે અત્યંત મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. સગીરાને ધમકી આપી લગ્નની લાલચે અપહરણ કરી જવાના અને ત્યારબાદ દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં કોર્ટે મુખ્ય આરોપી સંજય રણમલ અમરને ૨૦ વર્ષની સખત કેદ તથા તેના સાગરીત સંજયપરી વિનુપરી ગોસ્વામીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે બંને ગુનેગારોને રૂ. ૫-૫ હજારનો દંડ પણ ફટકાર્યો છે. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ દેવરીયા ગામના આ શખ્સોએ ૧૬ વર્ષની સગીરાના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી કારમાં અપહરણ કર્યું હતું અને ત્યારબાદ મુખ્ય આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું.

## જન્મદિન શુભેચ્છા



### ગોંડલના યુવા પત્રકાર તુષારભાઈ વ્યાસનો આજે જન્મદિવસ

ગોંડલના ના પત્રકાર તુષારભાઈ વ્યાસનો આજે જન્મદિવસ છે, મધુર સ્વભાવ ધરાવતા બહોળો મિત્ર વર્ગ પણ ધરાવે છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મિત્રો અને શુભેચ્છકો દ્વારા તેમના મો ૯૯૭૪૧૮૮૬૫૯ પર અભિનંદનની વર્ષા થઇ રહી છે

## અનુસંધાન

### પક્ષીઓની સફર

(પાના નં. ૩ થી આગળ)

દીઠ આઠ ચેકલિસ્ટ મુજબ ૨૦૦ ચેકલિસ્ટ તૈયાર કરવામાં આવ્યા હતા, જેના દ્વારા પક્ષીઓની પ્રજાતિઓ અને તેમની હાજરીનું વૈજ્ઞાનિક પદ્ધતિથી આલેખન કરાયું હતું. આ પ્રોજેક્ટ ત્રિ-ઋતુ આધારિત હોય, પ્રથમ તબક્કે સપ્ટેમ્બરમાં ચોમાસાનો સર્વે પૂર્ણ કરી લેવાયો છે. હવે આગામી સમયમાં શિયાળા અને ઉનાળા દરમિયાન પણ આ જ સિસ્ટમથી સર્વે કરી ત્રણેય ઋતુનો સંયુક્ત અને વ્યાપક ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.

આ સર્વેથી પ્રાપ્ત ડેટા માત્ર પક્ષીઓની માહિતી પૂરતો સીમિત ન રહેતા, ભાવિ અર્બન પ્લાનિંગ, મહાનગરપાલિકાના વિકાસ કામો અને પર્યાવરણીય સંરક્ષણ માટે માર્ગદર્શક બનશે. કયા વિસ્તારમાં કયા કાયમી કે ઋતુગત પક્ષીઓ આશ્રય લે છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવી શકાશે. આ સાથે જ સ્થાનિક શહેરીજનો પોતાની આસપાસના પક્ષી જીવનને ઓળખે અને પ્રકૃતિ સંરક્ષણમાં સહભાગી બને તેવો પણ નમ્ર પ્રયાસ છે. ત્રણેય તબક્કા પૂરા થયા બાદ જામનગર પાસે પોતાનો એક સત્તાવાર અને વ્યાપક 'બર્ડ એટલાસ' ઉપલબ્ધ બનશે.

### મર્ડર અને લૂંટના

(પાના નં. ૪ થી આગળ)

પ્રવેશવાનો છે. આ માહિતી આધારે કમાન્ડ કંટ્રોલ રૂમ (નેત્રમ)ના પીએસઆઈ બી.બી. સિંગલ અને ટીમ દ્વારા સીસીટીવી કેમેરા મારફતે ચુસ્ત વોચ ગોઠવવામાં આવી હતી.

આરોપી સમર્પણ બાયપાસથી શહેર તરફ આવતો દેખાતા જ નેત્રમ ટીમે કંટ્રોલ મેસેજ આપ્યો હતો, જેના આધારે વોચમાં રહેલી પોલીસ ટીમે જૂના એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ પરથી અલ્તાફને રાઉન્ડઅપ કરી લીધો હતો. એલસીબી અને પેરોલ સ્કવોડના જવાનો દ્વારા સફળતાપૂર્વક હાથ ધરાયેલા આ ઓપરેશન બાદ પકડાયેલા ફરારી કેદીને આગળની કાર્યવાહી માટે જેલ હવાલે કરી દેવાયો છે.

### ફેક નંબર પ્લેટ

(પાના નં. ૪ થી આગળ)

હરદીપસિંહ જાડેજા, ભાયાભાઈ ચંદ્રાવાડીયા તેમજ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ જાડેજા, નિકુંજભાઈ ભુવા અને કોમલબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. આ ઘટનાના પગલે જામનગર પોલીસ વિભાગ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે પોતાના વાહનોની નંબર પ્લેટમાં કોઈ પણ પ્રકારની ગેરકાયદેસર છેડછાડ કે ફેરફાર કરવો નહીં. જો કોઈ વાહનચાલક બનાવટી નંબર પ્લેટ સાથે પકડાશે તો તેની સામે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વહીકલ એક્ટ હેઠળ કડક કાનૂની ગુનો નોંધવામાં આવશે.

### ચારની અટકાયત

(પાના નં. ૪ થી આગળ)

ખસેડાયો હતો, જ્યાં તેનું ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. આ મામલે મૃતકના બનેવી સુગ્રીમકુમાર વર્માની ફરિયાદ પરથી પોલીસે ચારેય શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તેમની અટકાયત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દરેડ વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસમાં જ આ બીજી હત્યાની ઘટના સામે આવતાં સ્થાનિક રહીશોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ ૧૫ દિવસ પહેલાં પણ પ્રેમસંબંધના ખારમાં એક ૧૬ વર્ષીય સગીરને પ્રેમિકાના ફોનથી મેસેજ કરી બોલાવી ધોકા ફટકારી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. થોડા જ દિવસોમાં ફરી એકવાર ઉછીના નાણાં મુદ્દે પરપ્રાંતિય યુવકની ધોળા દિવસે હત્યા કરી દેવાતાં દરેડ ઔદ્યોગિક વિસ્તારમાં ગુનાખોરી ડામવા માટે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવાની માંગ ઉઠી છે.

### બોકસ કેનાલ

(પાના નં. ૪ થી આગળ)

રાજ સોસાયટી સુધીની સમગ્ર ખુલ્લી કેનાલને બોક્સ કેનાલમાં રૂપાંતરિત કરવી જરૂરી છે. સંબંધિત વિભાગ મારફતે સ્થળનું તાત્કાલિક સર્વેક્ષણ અને ટેકનિકલ ચકાસણી કરાવી જરૂરી અંદાજ તથા ડિઝાઇન તૈયાર કરી આ કામગીરીને પ્રાથમિકતાના ધોરણે મંજૂરી આપી વહેલી તકે અમલમાં મૂકવા જરૂરી કાર્યવાહી કરવા વોર્ડ નં.૧૨ના કોર્પોરેટર સહારાબેન મકવાણાએ કમિશનરને રજૂઆત કરી છે.

### શહીદ ભગતસિંહ

(પાના નં. ૩ થી આગળ)

હતી. પ્રતિમાને સવારે નિયત સમયે ફુલહાર કર્યા બાદ ઉપસ્થિત સૌ કોઈએ દેશભક્તિના ભાવ સાથે વીર શહીદના ચરણોમાં વંદન કર્યા હતા. જન્મજયંતિ નિમિત્તે આયોજિત આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં વોર્ડના આગેવાનો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. દેશની આઝાદી કાતિલ સંગ્રામમાં નાની વયે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર શહીદ ભગતસિંહના વિચારો અને આદર્શો પર ચાલવાનો સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### પૂર્વ કોર્પોરેટર

(પાના નં. ૩ થી આગળ)

શંકાસ્પદ ઇતિહાસ ધરાવતા લોકો સામે કડક તપાસ કરે તેવી માંગ ઊઠી છે. બનાવ સંદર્ભે રમેશભાઈ કટારમલે જામનગર સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ અરજી આપી હતી. જોકે, બનાવ અંગે પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર ગુનો નોંધ્યો ન હોવાનું જાણવા મળ્યું છે, જેથી સ્થાનિક રહીશો અને પત્રકાર આલમમાં રોષ વ્યાપી ગયો છે.

### ખૂની હુમલો

(પાના નં. ૩ થી આગળ)

બોલાચાલીનું મનદુઃખ રાખી એકસંપ થઈ હત્યાનો પ્રયાસ કરનાર યાસીન, સલીયો અને ઈમુડો સુંભણીયા સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

### સમસ્યા વકરી

(પાના નં. ૩ થી આગળ)

જનજાગૃતિ લાવવી અત્યંત જરૂરી બની ગઈ છે. મનપા દ્વારા આગામી દિવસોમાં ગાર્બેજ વાહનો અને મેનપાવરમાં વધારો કરવાની શક્યતાઓ દર્શાવાઈ રહી છે. જોકે, આ મહત્વકાંક્ષી અભિયાનને સંપૂર્ણ સફળ બનાવવા માટે તંત્રના આયોજન સાથે શહેરીજનોનો સક્રિય સહકાર જ સૌથી મહત્વની ચાવી સાબિત થશે.

### જીએસટીની જટિલતા

(પાના નં. ૧ થી આગળ)

જેના પર ૩.૫ લાખથી વધુ લોકોની રોજીરોટી નિર્ભર છે. જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું કે ૪,૦૦૦ ઉદ્યોગકારોમાંથી આશરે ૩,૫૦૦ને બોગસ બિલિંગ અથવા ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ અંગેની નોટિસો ફટકારવામાં આવી છે. અન્ય રાજ્યોના સપ્લાયર્સ દ્વારા કરાતી કરચોરીની સજા અહીંના બોનાફાઈડ ખરીદદારો અને ઉત્પાદકો પર ઠોકી બેસાડી વસૂલાત કરવામાં આવી રહી છે, જેનાથી એમએસએમઈ ક્ષેત્રની કાર્યકારી મૂડી પર મોટો બોજ પડ્યો છે. ઉદ્યોગકારોએ જીએસટી કાઉન્સિલ સમક્ષ ટીડીએસ ૨ ટકાના બદલે ૧૮ ટકા કરવાની રજૂઆત સાથે પ્રામાણિક વેપારીઓની આઈટીસી જપ્ત ન કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવા દાદ માંગી છે.

જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયાએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કાચા માલ તરીકે વપરાતા બ્રાસ સ્ક્રેપમાં અન્ય રાજ્યોમાં થતી ગેરરીતિની કિંમત જામનગરના ઉત્પાદકોએ ચૂકવવી પડે છે, જેના કારણે વૈશ્વિક બજારમાં સ્થાનિક ઉદ્યોગની સ્પર્ધાત્મકતા જોખમાઈ રહી છે. છેલ્લા દોઢ વર્ષથી સ્થાનિક સ્તરથી લઈને દિલ્હી સુધી રજૂઆતો કરવા છતાં કોઈ હકારાત્મક પરિણામ ન મળતાં આખરે ઉદ્યોગકારોને રસ્તા પર ઉતરવાની ફરજ પડી છે. ઉદ્યોગ સંગઠનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કેન્દ્ર સરકાર દ્વારા જામનગરના બ્રાસ ક્લસ્ટરની વાસ્તવિક સ્થિતિને ધ્યાને રાખીને જીએસટી નિયમોમાં વહેલી તકે સુધારા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ આક્રમક બનાવવામાં આવશે.

### આમરણ ઉપવાસ

(પાના નં. ૧ થી આગળ)

વિરોધ રેલીનું પણ આયોજન કરશે. તેમ છતાં યોગ્ય ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર શહેરમાં સફાઈ કામગીરી અચોક્કસ મુદત માટે સજ્જડ બંધ પાડવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

આ સમગ્ર આંદોલન દરમિયાન ઉદ્ભવનારી તમામ વિપરીત પરિસ્થિતિઓ અને પરિણામો માટે જામનગર મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણપણે જવાબદાર રહેશે તેમ જણાવી યુનિયન દ્વારા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા તથા મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને લેખિત નોટિસ પાઠવવામાં આવી છે. આ આંદોલન કાર્યક્રમમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અમિત પરમાર તથા જામનગર શહેર પ્રમુખ મહેશ બાબરીયા સહિતના યુનિયનના હોદ્દેદારો અને સફાઈ કામદારો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે.

### ઉજ્જૈનમાં શાહી

(પાના નં. ૧ થી આગળ)

આવતાં કુલ ૭ ધાર્મિક સ્થળોમાંથી મોટા ભાગના સ્થળો પરસ્પર સંમતિથી હટાવી લેવાયા છે, પરંતુ ખડે હનુમાન મંદિર, એક મઝાર અને શાહી મસ્જિદના વિસ્તારમાં પરિસ્થિતિ વણસેલી જોવા મળી હતી. વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને સ્થાનિકો જોડાયા હતા.

બીજી તરફ, શાહી મસ્જિદને તોડવાની કાર્યવાહી સામે કાનૂની લડાઈ પણ શરૂ થઈ ચૂકી છે. મસ્જિદના સંરક્ષણ માટે મુસ્લિમ સમાજનું એક જૂથ ઈન્દોર હાઈકોર્ટના દ્વારે પહોંચ્યું હતું. રાતભર ચાલેલા તણાવ બાદ પરસ્પર સંમતિથી વિવાદિત ભાગ હટાવવાની આશા સેવાતી હતી, પરંતુ સોમવારે ફરી ઘર્ષણ થતાં સમગ્ર વિસ્તાર છાવણીમાં ફેરવાઈ ગયો હતો. હાલ સમગ્ર વિસ્તારમાં સજ્જડ પોલીસ બંદોબસ્ત વચ્ચે વહીવટી અધિકારીઓ દ્વારા પરિસ્થિતિ શાંત પાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### ચૂંટણી કમિશનર

(પાના નં. ૧ થી આગળ)

સવાલો ઉઠાવતાં આક્ષેપ કર્યો હતો કે, પંચે એવું સોફ્ટવેર બનાવ્યું છે જેનાથી સ્થાનિક એસડીએમ (SDM)ના અધિકારો છીનવાઈ ગયા છે. દિલ્હીમાં ચૂંટણી પંચની ઓફિસમાં બેસીને જ સમગ્ર દેશની મતદાર યાદીમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે અને મનસ્વી રીતે ગમે તેના નામ ઉમેરી કે કાપી શકાય છે. ગોવાનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું હતું કે ૯૭ લોકોના વોટ જોડવા માટે સ્થાનિક કક્ષાએથી પત્રો લખવા છતાં નામ જોડવામાં આવ્યા નહોતા, જે દર્શાવે છે કે દેશની લોકશાહીનું સત્યાનાશ વાળવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં આયોજિત વિરોધ પ્રદર્શનો અંગે વાત કરતાં કેજરીવાલે ઉમેર્યું હતું કે, ૨ ઓક્ટોબરથી યોજાનારા આંદોલનમાં જનતા રસ્તા પર ઉતરશે. જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જ પડશે અને દેશના નાગરિકોને આ ગડબડમાંથી મુક્તિ મળશે.

# જામનગરના નભમાં પક્ષીઓની સફરનો હિસાબ લખાશેઃ ૨૦૦ ચેકલિસ્ટ સાથે ચોમાસુ બર્ડ એટલાસ સર્વે પૂર્ણ

## જામનગર મહાનગરપાલિકા અને અર્બન પ્લાનિંગ માટે પક્ષીઓની માહિતી પૂરક બનશે; સામાન્ય જનોમાં જાગૃતિ લાવવા પહેલ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પક્ષી સંરક્ષણ અને પર્યાવરણીય અભ્યાસ ક્ષેત્રે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત અને જામનગરની જીવદયાપ્રેમી સંસ્થાઓ દ્વારા વન વિભાગના સહયોગથી જામનગર બર્ડ એટલાસ યોજાયો હતો. રાજયના વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વઢવાણ ખાતેથી કરેલી જાહેરાત બાદ તજજ્ઞો દ્વારા ત્રણ મહિના સુધી કરાયેલા આયોજનના આધારે આ ક્ષેત્રિય સર્વે શરૂ કરાયો હતો. જેમાં પક્ષીવિદો, ફોટોગ્રાફર્સ તેમજ વનકર્મીઓ સહિત ૬૨ ઉત્સાહી સભ્યોની ટીમોએ વહેલી સવારથી જ શહેરના ખૂણે-ખૂણામાં ફરીને પક્ષીઓની સ્થિતિ નોંધવાની કામગીરી કરી હતી. અભ્યાસની ચોકસાઈ માટે શહેરને ૨૫ મુખ્ય ગ્રીડમાં વહેંચીને દરેક ગ્રીડ


અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ૨ થી ૪ ઓક્ટોબર દરમિયાન યોજાશે ત્રિદિવસીય 'વાઈલ્ડ આઈઝ - જંગલ સ્ટોરીઝ' વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી પ્રદર્શન

## એમ.પી. શાહ ટાઉનહોલ ખાતે ૧૩ થી ૬૭ વર્ષની વયના ૨૩ ફોટોગ્રાફરો દ્વારા કેદ કરાયેલી દેશ-વિદેશના વન્યજીવનની અદભૂત તસવીરો પ્રદર્શિત કરાશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફી શોખીનો માટે ધ નેચર લેન્સ સોસાયટી દ્વારા એક અનોખા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી એક્ઝિબીશનનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨, ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન એમ.પી. શાહ ટાઉનહોલ આર્ટ ગેલેરી ખાતે 'વાઈલ્ડ આઈઝ - જંગલ સ્ટોરીઝ' શીર્ષક હેઠળ આ ત્રિદિવસીય પ્રદર્શન યોજાશે. આ એક્ઝિબીશનનું વિધિવત ઉદ્ઘાટન ૨ ઓક્ટોબર, શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે થશે, ત્યારબાદ ત્રણેય દિવસ દરમિયાન સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ ખુલ્લો રહેશે.




આ પ્રદર્શનની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં ૧૩ વર્ષના તરૂણથી લઈને ૬૭ વર્ષના વરિષ્ઠ સુધીના કુલ ૨૩ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરોની શ્રેષ્ઠ તસવીરો રજૂ કરવામાં આવશે. આ એક્ઝિબીશનમાં આનંદ પ્રજાપતિ, અંકુર ગોહિલ, અશ્વિન ત્રિવેદી, ભાવિક પારેખ, ચિરાગ શાહ, ધૈર્ય ઝવેરી, ડિમ્પલ એમ. વરૂ, ડો. ભાર્ગવ રાવલ, ડો. મેહુલ ભડાણીયા, હાર્દિક પાલા, હિરેન ખંભાયતા, હિતાર્થ ઝવેરી, ઈશાન વોરા, જગત રાવલ, જયેશ પટેલ, મનિષ ત્રિવેદી, મિત દવે, પ્રતિક જોશી, રવિરાજસિંહ જાડેજા, ઉર્મિલ ઝવેરી, વરૂણ શાહ, વિશ્વાસ ઠક્કર અને યશોધન ભાટીયા જેવા વિવિધ ક્ષેત્રના તજજ્ઞ કેમેરામેનોએ કેદ કરેલી બેનમૂન ક્ષણો જોવા મળશે.

પ્રદર્શનમાં જામનગરના સ્થાનિક પક્ષી અભયારણ્યથી માંડીને આફ્રિકાના વિશાળ જંગલો સુધીના પક્ષીઓ, વન્યપ્રાણીઓ અને તેમના કુદરતી આવાસની દુર્લભ તસવીરોનો સમાવેશ કરાયો છે. લોકોમાં વન્યજીવન અને કુદરત પ્રત્યે જાગૃતિ વધે તેવા હેતુથી આયોજિત આ પ્રદર્શનનો લાભ લેવા માટે આયોજકો દ્વારા જામનગર અને આસપાસના વિસ્તારના નાગરિકો, વિદ્યાર્થીઓ અને પ્રકૃતિપ્રેમીઓને ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહીદ ભગતસિંહની જન્મજયંતિ નિમિત્તે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ

## મેયર, ધારાસભ્ય દિવ્યેશ અકબરી સહિત ભાજપના આગેવાનો અને કોર્પોરેટરોએ શ્રદ્ધાસુમન અર્પિત કર્યા






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

મહાન ક્રાંતિકારી શહીદ ભગતસિંહની જન્મજયંતિના પાવન અવસરે જામનગરમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શનિવારે સવારે ૯.૪૫ વાગ્યે પ્રતિમા સ્થળે એકત્રિત થઈને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વીર શહીદ ભગતસિંહની પ્રતિમાને ભાવપૂર્વક હાર પહેરાવીને તેમની શૌર્યગાથાને યાદ કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના પ્રથમ નાગરિક એવા મેયર તેમજ વોર્ડ નંબર ૧૩ના સ્થાનિક કોર્પોરેટરો ધવલ નંદા અને અમર કનખરાએ ઉપસ્થિત રહીને શહીદવીરને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી તેમજ ભાજપ શહેર પ્રમુખ બીનાબેન કોઠારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોએ ભગતસિંહના સર્વોચ્ચ બલિદાન અને દેશપ્રેમની ભાવનાને બિરદાવી

અનુ પાના નં.૨ પર

# પોસ્ટ વિભાગના ચકચારી સાયબર ફ્રોડ કેસમાં સંડોવણી ખુલતા કર્મચારીને પોલીસની નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

શહેરના ચાંદી બજાર સ્થિત મુખ્ય ટપાલ કચેરીમાં અલગ-અલગ ખાતાઓનો ઉપયોગ કરી લાખો રૂપિયાના સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી કરવાના ચકચારી પ્રકરણમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. સાયબર ક્રાઈમ પોલીસે હાથ ધરેલી ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન ટપાલ ખાતાના જ કર્મચારી અને તેના ભાઈ સહિત ચાર શખ્સોની સીધી સંડોવણી ખુલી છે. આ અંગે પોલીસે સંબંધિત ટપાલ કર્મચારી વિરૂદ્ધ આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી ટપાલ વિભાગને સત્તાવાર પત્ર પાઠવીને નોટિસ જારી કરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ચાંદી બજાર ટપાલ કચેરીના ખાતાઓ મારફતે રૂ. ૬૪ લાખથી વધુની રકમની હેરાફેરી આચરવામાં આવી હતી. આ કૌભાંડમાં કુલ નવ શખ્સો સામે ગુનો નોંધાયો છે, જેમાં ટપાલ ખાતાના કર્મચારી આફતાબ યાકુબભાઈ માડકીયા અને તેના ભાઈ આતિક ઉર્ફે આસીફ યાકુબભાઈ માડકીયાના નામ પણ જાહેર થયા છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે સાયબર ભોગ બનેલા લોકોના નાણાં ટપાલ ખાતાના વિવિધ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી ગેરકાયદેસર રીતે વટાવી લેવામાં આવતા હતા.

દરમિયાન, ચાંદી બજાર કચેરી ઉપરાંત એમ.પી. શાહ મેડિકલ કોલેજ કેમ્પસ સ્થિત ટપાલ કચેરીમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી સાયબર ફ્રોડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાની શંકાના આધારે પોલીસે તપાસ લંબાવી છે. અન્યોના એકાઉન્ટનો ઉપયોગ કરીને કરાયેલી આ હેરાફેરીનો કુલ આંકડો હજુ પણ ઘણો ઊંચો જવાની શક્યતા છે. આ અંગે જામનગર ટપાલ કચેરીના સુપરિન્ટેન્ડેન્ટ અભિજીતસિંધે જણાવ્યું હતું કે, આફતાબ માડકીયા નામના કર્મચારી અંગે પોલીસ વિભાગ તરફથી નોટિસ મળી છે અને વિભાગીય ધોરણે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# દ્વારકામાં સગીરાના અપહરણ તથા દુષ્કર્મ કેસમાં આરોપીઓને કેદ તથા દંડની સજા

## દ્વારકાની એડિશનલ સેશન્સ એન્ડ પોક્સો કોર્ટનો ચુકાદો

**સમય સંદેશઃ દ્વારકા**

કલ્યાણપુર પંથકમાં આશરે પાંચ વર્ષ અગાઉ બનેલા સગીરાના અપહરણ અને દુષ્કર્મના ચકચારી કેસમાં દ્વારકાની સ્પેશિયલ પોક્સો કોર્ટે અત્યંત મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. સગીરાના માતા-પિતાને જાનથી મારી નાખવાની અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી લગ્નની લાલચે અપહરણ કરી જવાના તથા દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં કોર્ટે મુખ્ય આરોપી સંજય રણમલ અમરને ૨૦ વર્ષની સખત કેદ તથા તેના સાગરીત સંજયપરી વિનુપરી ગોસ્વામીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે બંને આરોપીઓને રૂ. ૫-૫ હજારનો દંડ પણ કર્યો છે. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ દેવરીયા ગામના આ શખ્સોએ ૧૬ વર્ષની સગીરાનું સ્વિફ્ટ કારમાં અપહરણ કર્યું હતું અને ત્યારબાદ મુખ્ય આરોપીએ દુષ્કર્મ આચર્યું હતું. બનાવ અંગે સગીરાના પિતાએ કલ્યાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી, મેડિકલ ઓફિસર અને તપાસ અધિકારી સહિત કુલ ૨૦ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. દ્વારકાની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના સ્પેશિયલ પોક્સો જજ કે.એસ. પટેલે સરકારી વકીલ અમિતભાઈ વ્યાસની ધારદાર દલીલો, મેડિકલ પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ધ્યાને રાખીને બંને આરોપીઓને કસૂરવાર ઠેરવી આ આકરો ચુકાદો આપ્યો છે.

# પવનચક્કીના અર્થિંગ વાયર ચોરીમાં LCBની મોટી કાર્યવાહી, ૬ શખ્સ ઝડપાયા




**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા નજીક આવેલ બરડીયા ગામની સીમમાં ઓપેરા સુઝલોન કંપનીની પવનચક્કીના થાંભલામાંથી અંદાજે ૫૦ મીટર જેટલો કોપર અર્થિંગ વાયર ચોરી થવાના ગંભીર ગુનાનો એલ.સી.બી. પોલીસે પર્દાફાશ કર્યો છે. ચોરીની આ ઘટના અંગે કઈઇ ઇનચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ તેજ કરી હતી. પોલીસ સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકા તાલુકાના કુરંગા ઓવરબ્રિજ નજીકથી દરોડો પાડીને ચોરીની પ્રવૃત્તિમાં સંડોવાયેલા છ શખ્સોને ઝડપી લેવામાં સફળતા મળી હતી. પોલીસે પકડી પાડેલા આરોપીઓમાં ભાટિયાના સંજયભા ટપુભા બઠિયા, દ્વારકાના જગદીશભા કુંભાભા માણેક, જેતાભા ઉર્ફે રણજિત કુંભાભા માણેક, અજયભા મેપાભા નાયાણી તથા ભોગાતના લખમણ હરદાસ જમોડ સહિત કુલ છ શખ્સોનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧.૩૦ લાખની કિંમતનો ચોરાયેલો કોપર વાયર, રૂ. ૧.૩૫ લાખની કિંમતની ૬ મોટરસાયકલ, છ મોબાઈલ ફોન અને રૂ. ૪ હજાર રોકડ મળી કુલ રૂ. ૨,૬૯,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પૂર્વ કોર્પોરેટર ઉપર કોર્પોરેટરના ઈશારે હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પાણીની પાઈપલાઇન રિપેર કરાવવા માટે સરકારી પ્રતિનિધિને સાથે રાખીને ગયેલા આરટીઆઈ એક્ટિવિસ્ટ, પત્રકાર અને પૂર્વ કોર્પોરેટર એવા સિનિયર સિટિઝન રમેશભાઈ કટારમલ (ભાનુશાલી) પર ધોળા દિવસે લુખ્ખાતત્ત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, રમેશભાઈ ઘટનાસ્થળે હતા ત્યારે સતાર ઉમર સુમરા નામના શખ્સે તેમના પર હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપીને ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. હુમલાખોરે અખબારમાં આ અંગે કંઈ પણ લખવા કે પ્રકાશિત કરાવવા સામે ગંભીર અંજામ ભોગવવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં સ્થાનિક રહિશો હુમલા અંગે સાક્ષી પૂરી રહ્યા હોવાનું નજરે પડે છે. આ ઘટના બાદ હુમલાખોર સતાર નંબર પ્લેટ વગરની બાઇક તેમજ ગાડી લઈને ભાગી છૂટયો હતો. આ વિસ્તારમાં કોઈ સ્થાનિક નેતા કે કોર્પોરેટરના શરણ હેઠળ આવા તત્ત્વો ગુના આચરતા હોવાના આક્ષેપો સાથે પોલીસ આવા

અનુ પાના નં.૨ પર

# જુની અદાવતમાં સિક્કાના યુવક ઉપર ખૂની હુમલો

**સમય સંદેશઃ સિક્કા**

જામનગર તાલુકાના સિક્કા ગામમાં દોઢ વર્ષ અગાઉ થયેલી સામાન્ય બોલાચાલીનું વેર રાખીને એક યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. સિક્કાના તાલાબ કોલોની વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા સબીર ઈબ્રાહીમ ધોડીવારા (ઉ.વ. ૪૧) વહેલી સવારે નમાજ માટે જઈ રહ્યા હતા ત્યારે જૂની મચ્છીપીઠ પાસે યાસીન મેપાણી, સલીયો અને ઈમુડો સુંભણીયા નામના ત્રણ શખ્સોએ તેમને અટકાવી અગાઉની રકઝકના કારણે ગાળો આપી હતી. જે બાદ શહીદી હૂસેની ચોક પાસે સલીયાએ છરી કાઢી યાસીનને આપી હતી અને યાસીને સબીરભાઈ પર છરી વડે હુમલો કરી દીધો હતો. યુવકે બચાવ માટે હાથ આડો ધરતાં હથેળીની નસો કપાઈ ગઈ હતી તેમજ પીઠ અને માથાના ભાગે છરીના ઘા વાગતાં તેઓ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. હુમલા દરમિયાન સબીરભાઈએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેથી ત્રણેય હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા સબીરભાઈને પ્રથમ સિક્કાની સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે પ્રાથમિક તપાસ બાદ સબીરભાઈની ફરિયાદના આધારે અગાઉ ઘર પાસેથી પસાર થવા બાબતે થયેલી

અનુ પાના નં.૨ પર

# મોરકંડામાં પત્નીના કથિત પ્રેમી યુવક ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મોરકંડા ગામે રહેતા મયુર નવઘણભાઈ જીંજુવાડીયાને લાલવાડીમાં રહેતા ગૌતમ રાઠોડની પત્ની સાથે આશરે પાંચ વર્ષ પહેલાં પ્રેમસંબંધ હતો. તેવામાં તા. ૨૬ના રોજ વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે ગૌતમ તેને જોઈ ગયો તેના ઘરેથી મળીને આવ્યો હોવાની શંકા જતા તેને રોકી વાતચીત કરવાના બહાને પોતાના ઘરે લઈ ગયો હતો. આ વેળાએ ગૌતમએ ફોન કરીને દરેડમાં રહેતા તેના સાળા સાથે મળી મયુરને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો બાદમાં ગૌતમ ઘરમાંથી છરી અને લોખંડનો પાઈપ લઈ અને જયેશએ પણ લોખંડના પાઈપ વડે મયુરભાઈના બંને પગ, ડાબા હાથ સહિત શરીરના ભાગે આડેધડ ઘા માર્યા હતા. ગૌતમભાઈએ છરી વડે ડાબી આંખ પાસે મારતાં ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને આંખ પાસે બે ટાંકા, ડાબા હાથમાં ફ્રેક્ચર, કોણી પાસે બે ટાંકા ઈજાઓ થતા હોસ્પિટલ ખાતે સારવાર તથા જમણા પગમાં બે ટાંકા સહિતની અર્થે ખસેડાયો હતો. જયાં મયુરની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે ગૌતમ રાઠોડ અને જયેશ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગરમાંથી ઓચિંતી કચરાપેટીઓ હટાવાતા અનેક વિસ્તારોમાં ગંદકીની સમસ્યા વકરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરને સુંદર અને રળિયામણું બનાવવાના આશયથી ખાસ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરીને ડસ્ટબિન મુક્ત શહેર બનાવવાની સાથે ખુલ્લા કચરા પોઈન્ટ્સ કાયમી ધોરણે બંધ કરવાનું અભિયાન હાથ ધરાયું છે. જે અંતર્ગત શહેરમાંથી સવા બસોથી વધુ જાહેર સ્થળો પરથી ડસ્ટબિન ઉપાડી લેવામાં આવ્યા છે અને ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વધુ સઘન બનાવવાનો દાવો કરાયો છે. તંત્રના આ અભિગમથી ભવિષ્યમાં રોગચાળા પર અંકુશ, પર્યાવરણ સુરક્ષા અને ઘન કચરાનું યોગ્ય પૃથક્કરણ જેવા અનેક ફાયદાઓ થશે. જોકે, પૂરતા પ્રચાર-પ્રસાર વગર રાતોરાત લેવાયેલા આ (?૦ખ×યની ઉતાવળી અમલવારીથી જૂના જામનગર સહિતના અનેક મુખ્ય વિસ્તારોમાં નાગરિકો ખુલ્લી જગ્યામાં જ પ્લાસ્ટિક અને એંઠવાડ ફેંકી રહ્યા હોવાથી હાલ ગંદકીનું ગ્રહણ લાગ્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

સ્વચ્છ જામનગરના લક્ષ્ય સાથે મનપાના ઉચ્ચ અધિકારીઓના નિરીક્ષણ હેઠળ ચાલી રહેલું આ આયોજન હજુ છેવાડાના શહેરીજનો સુધી યોગ્ય રીતે પહોંચ્યું ન હોવાથી પ્રારંભિક તબક્કે આ અભિયાનની ઊલટી અસર જોવા મળી રહી છે. નાગરિકો ઘરનો કચરો સીધો કચરા ગાડીમાં જ નાખે તે માટે વ્યાપક

અનુ પાના નં.૨ પર

# ભયજનક ઈમારતનો જોખમી હિસ્સો તોડી પડાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શનિવારે સવારે કડીયાવાડ વિસ્તારમાં એક જર્જરીત ઈમારતનો ભયજનક હિસ્સો તોડી પાડવામાં આવ્યો હતો. શહેરમાં મનપાની એસ્ટેટ શાખા દ્વારા શુક્રવારે જુદા જુદા વિસ્તારોના માર્ગો પર ટ્રાફિકને અડચણરૂપ રેંકડી,પથારા ઉપરાંત ઓટલા સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જે કામગીરી સવારથી હતી.જે બાદ શહેરના કડીયાવાડ આરંભાયા બાદ રાત્રી સુધી યથાવત રહી વિસ્તારમાં શનિવારે



તસવીરઃ હિરેન ગાંધી

સવારે એસ્ટેટ શાખાની ટીમ દ્વારા એક જજરીત ઈમારતનો ભયજનક હિસ્સો તોડી સુધી લઈ જવામાં આવી હતી.મનપાની પાડવામાં આવ્યો હતો અને સેઈફ સ્ટેજ એસ્ટેટ શાખા દ્વારા દબાણ હટાવ કામગીરી આગામી દિવસોમાં પણ યથાવત રખાશે એવા નિર્દેશ સાંપડયા છે.

# જામનગરનું ગ્રીન સિટી પાસેનું સિવિક સેન્ટર સુવિધા વિહોણું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને ઘરઆંગણે તમામ સરકારી સુવિધાઓ મળી રહે તે હેતુથી રણજીતસાગર રોડ પર આવેલ ગ્રીનસીટી સામે લાખો રૂપિયાના આંધણ કરીને ભવ્ય સીવિક સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. લાખોના ખર્ચે તૈયાર કરાયેલીઆ ઈમારતમાં હાલ માત્ર મિલકતવેરો (પ્રોપર્ટી ટેક્સ) સ્વીકારવા સિવાયની કોઈ પણ કામગીરી હાથ ધરવામાં આવતી નથી. પ્રજા પાસેથી કરવેરા વસૂલવામાં તત્પર રહેતું મનપા તંત્ર નાગરિકોને અન્ય આવશ્યક સેવાઓ પૂરી પાડવામાં સદંતર નિષ્ફળ નીવડયું છે. જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી કે અન્ય નાગરિકસુવિધાઓ માટે આસપાસના વિસ્તારના લોકોએ હજુ પણ કિલકલોલ કે મધ્યસ્થ કચેરી સુધી લાંબા થવું પડે છે.

# વોટ ચોરીના વિરોધમાં ધરણા શરૂ કરતા જ કોંગી આગેવાનોને ઉઠાવી લેવાયા




મતદાર યાદીમાં કથિત ગેરરીતિ અને 'વોટ ચોરી'ના આક્ષેપોના મુદ્દે જામનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ દ્વારા અલગ-અલગ સ્થળોએ આક્રમક વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાની આગેવાનીમાં શરૂસેક્શન રોડ પરથી કલેક્ટર કચેરી તરફ આવેદનપત્ર આપવા નીકળેલી રેલીને પોલીસે અટકાવી જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકરોની અટકાયત કરી પોલીસ હેડક્વાર્ટર ખાતે ખસેડ્યા હતા. બીજી તરફ, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાની આગેવાનીમાં લાલ બંગલા સર્કલ ખાતે યોજાયેલા ધરણા-વિરોધ પ્રદર્શન દરમિયાન પણ પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી. આમ, ચૂંટણી સંબંધિત મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા હાથ ધરાયેલા બંને વિરોધ પ્રદર્શનોને પોલીસે નિષ્ફળ બનાવી આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખી હતી.

## મેઘપર ગામમાં ગાંજાનું વેચાણ કરતા બિહારી પરપ્રાંતીય પર પોલીસનો ત્રાટકોઃ રૂ. ૨.૧૧ લાખના મુદ્દામાલ સાથે દબોચાયો

### SOG ની બાતમીના આધારે પડાણા પોલીસે પાડેલા દરોડામાં ૪ કિલો નશીલો પદાર્થ, મોબાઈલ અને રોકડ જપ્ત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લાને ડ્રગ્સમુક્ત કરવાના આશયથી પોલીસ તંત્ર દ્વારા કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જામનગર એસપીની માર્ગદર્શિકા મુજબ SOG તથા મેઘપર પોલીસ ટીમે લાલપુર તાલુકાના મેઘપરમાં એક સફળ ઓપરેશન પાર પાડ્યું છે. અહીંથી બિહારના મૂળ નિવાસી સુનિલકુમાર રામબાબુ રાય નામના ઈસમને ૪ કિલોગ્રામ ગાંજા સાથે ગિરફ્તાર કરી લેવામાં આવ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, મેઘપર ગામમાં આવેલ એક મકાનમાં ગાંજાનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું હોવાની ગુપ્ત માહિતી SOG ના જવાનોને મળી હતી. બાતમીના




આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને દરોડો પાડ્યો હતો. આ તલાશી દરમિયાન આરોપીના કબજામાંથી ૪ કિલો ગાંજો, ઉપયોગમાં લેવાતો એક મોબાઈલ હેન્ડસેટ અને રૂ. ૧,૫૨૦ ની રોકડ રકમ મળી આવી હતી. પોલીસે રૂ. ૨,૧૧,૫૨૦ ની કુલ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ અંગે મેઘપર (પડાણા) પોલીસ મથકમાં આરોપી સુનિલકુમાર સામે NDPS એક્ટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આરોપી જામનગરમાં આ ગાંજાનો જથ્થો કોની પાસેથી લાવ્યો હતો અને કોને કોને વેચવાનો હતો તે અંગેની કડીઓ મેળવવા પોલીસ દ્વારા પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

## મર્ડર અને લૂંટના ગુનામાં સજા કાપતો પેરોલ જંપ કેદી ૫ વર્ષે પકડાયોઃ જામનગર કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી દબોચાયો

### બાઈક પર સુરતથી જામનગરમાં ઘૂસેલા હત્યાના આરોપીને પોલીસે જૂના બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પુનઃ જેલ ભેગો કર્યો




**સમય સંદેશઃ જામનગર**

જામનગર જેલમાંથી પેરોલ રજા પર છૂટીને છેલ્લા ૫ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા મર્ડરના આરોપીને જામનગર પેરોલ ફર્લો સ્કવોડે હાઈટેક ટેકનોલોજી અને નેત્રમ ટીમના સહયોગથી ઝડપી પાડ્યો છે. જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની અને એલસીબી પીઆઈ વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્કવોડના આઈ/સી પીએસઆઈ એમ.વી. ભાટીયા અને ટીમ દ્વારા જેલ ફરારી કેદીઓને પકડવા ખાસ નેટવર્ક ગોઠવવામાં આવ્યું હતું.

અંગત બાતમીદારો મારફતે પોલીસને માહિતી મળી હતી કે જામનગર પંચકોશી બી ડિવિઝન મથકના હત્યા, ષડયંત્ર અને એટ્રોસિટી એક્ટના ગુનાનો પેરોલ જંપ કેદી અલ્તાફ ઉર્ફે ભુરો ઉર્ફે અલી ઉમરભાઈ ખફી (મુળ દરેડ, હાલ સુરત) મોટરસાઈકલ પર જામનગરમાં

અનુ પાના નં.૨ પર

## જામનગરના રણજીતસાગર રોડ પર વૃક્ષની ભારીખમ ડાળી ઓટોરિક્ષા પર ખાબકીઃ ચાલકનો બચાવ, ટ્રાફિક જામ સર્જાયો






**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રણજીતસાગર રોડ પર એક જૂના વૃક્ષની વિશાળ ડાળી અચાનક રસ્તા પર ધડાકાભેર તૂટી પડી હતી. આ ડાળી તે જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી એક ઓટોરિક્ષા પર ખાબકતાં રિક્ષાને મોટું નુકસાન પહોંચ્યું હતું, જોકે સદનસીબે આ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ ન થતાં મોટી હોનારત ટળી હતી. ભરચક રસ્તા પર વૃક્ષની ડાળી પડવાને કારણે માર્ગની બંને બાજુનો વાહનવ્યવહાર થંભી ગયો હતો અને રાહદારીઓ તથા વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાયા હતા. ઘટનાને પગલે એકઠા થયેલા સ્થાનિક લોકોએ ત્વરિત તંત્રને જાણ કરી રસ્તા પરથી ડાળીઓ હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાવવાની કવાયત હાથ ધરી હતી.

## જામનગરમાં ફેક નંબર પ્લેટ બનાવી આપનાર શખ્સની ધરપકડઃ સીટી 'બી' ડિવિઝન પોલીસે બેડીના વેપારીની કરી અટકાયત

### ઈ-ચલાણથી બચવા બનાવટી નંબર પ્લેટવાળું સ્કૂટર લઈને ફરતા ચાલક બાદ હવે નંબર પ્લેટ બનાવી આપનાર મદદગાર પણ પોલીસની ગિરફ્તમાં

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં વાહનોમાં બોગસ અને બનાવટી નંબર પ્લેટો લગાવીને ફેરવતા તત્વો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના મુજબ સીટી ''બી'' ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એન.બી. ચૌહાણ તથા બેડેશ્વર પોલીસ ચોકીના પીએસઆઈ આર.બી. ઠાકોર સહિતની ટીમે સ્પેશિયલ ઝુંબેશ હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન બોગસ નંબર પ્લેટવાળું સ્કૂટર ચલાવતા શખ્સની અગાઉ ધરપકડ કર્યા બાદ હવે આવી બનાવટી નંબર પ્લેટ તૈયાર કરી આપનાર મુખ્ય સૂત્રધારને પકડી પાડવામાં સફળતા સાંપડી છે.

બનાવની વિગત મુજબ, ગરીબનગર પાણાખાણ વિસ્તારમાં




રહેતા ફેઝલ યુનુસભાઈ મુનરાઈ નામના શખ્સે પોતાના એક્સેસ સ્કૂટરમાં સાચો રજિસ્ટ્રેશન નંબર (GJ-10-EL-3100) છુપાવી ઓનલાઈન ટ્રાફિક ઈ-ચલાણની દંડકીય કાર્યવાહીથી બચવાના ઈરાદાથી ખોટો નંબર (GJ-10-EL-31) લગાવી ફેરવતો હતો, જે અંગે સીટી ''બી'' ડિવિઝનમાં ગુનો નોંધાયો હતો. પોલીસની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, બેડી ઈકબાલ ચોક વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા ઈબ્રાહીમ ઉર્ફે દાડો મહમદહનીફ નોતીયાર નામના શખ્સે આ ફેક નંબર પ્લેટ બનાવી આપી મદદગારી કરી હતી. જેથી પોલીસે ઈબ્રાહીમ ઉર્ફે દાડાની કાયદેસર અટકાયત કરી આગળની કાર્યવાહી ધરી છે.

આ સફળ કામગીરી બેડેશ્વર પોલીસ ચોકીના પીએસઆઈ આર.બી. ઠાકોર, હેડ કોન્સ્ટેબલ

અનુ પાના નં.૨ પર

## ધારાસભ્યના કુંટુંબીઓએ કરોડોના વળતરનો કરેલ ખેલ ઉંધો પાડતી હાઈકોર્ટ

### જામનગર-અમૃતસર હાઈ-વે પ્રોજેકટ અંગે સંપાદનનું જાહેરનામુ બહાર પડયા બાદ કલેકટર મારફત અયોગ્ય રીતે બિનખેતી કરાવી મસમોટું વળતર મેળવવા કરાયો હતો પ્રયાસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-અમૃતસર ઈકોનોમિક કોરિડોર માટે ધ્રોલ તાલુકામાંથી પસાર થતા સિક્સ લેન હાઈ-વે પ્રોજેક્ટમાં ગેરકાયદેસર રીતે જમીન બિનખેતી (ગઅ) કરવાના પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટે અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ગઇઅઈ) દ્વારા દાખલ કરાયેલી રીટ પિટિશન ગ્રાહ્ય રાખીને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી. એન. રે ની બેન્ચે જામનગર ગ્રામ્યના ધારાસભ્યના પુત્ર સહિતના જમીનમાલિકોની જમીન બિનખેતી કરી આપવાનો કલેક્ટરનો હુકમ રદબાતલ ઠેરવ્યો છે. ગત ૧૭ સપ્ટેમ્બરે હાઈકોર્ટે આપેલા આ ચુકાદાથી હવે હાઈ-વે ઓથોરિટી દ્વારા સરકારી તિજોરી પર બોજ પાડ્યા વિના ખેતીની જમીન તરીકે જ વળતર ચૂકવવાનો માર્ગ મોકળો થયો છે.

ઘટનાની વિગતો અનુસાર, NHAI દ્વારા જામનગર કલેક્ટર અને જમીન લાભાર્થી જયેન્દ્ર રાઘવજીભાઈ મુંગરા સહિત અન્ય ત્રણ પક્ષકારો સામે હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. સરકારી તિજોરી પર વધારાનો આર્થિક ભાર ન પડે તે માટે ઓથોરિટીએ ૨૬ મે, ૨૦૨૩ ના રોજ જ કલેક્ટરને પત્ર લખી સંપાદિત થનારી જમીનનો હેતુફેર (NA) ન કરવા સ્પષ્ટ જાણ કરી હતી. આમ છતાં, ધ્રોલ ગામના સર્વે નં. ૬૨૧ ની ૧૪૩૯ ચો.મી. ખેતીની જમીન કલેક્ટર તંત્ર દ્વારા ૨૨ જૂન, ૨૦૨૩ ના રોજ ધારાસભ્યના પુત્ર જયેન્દ્ર મુંગરા અને અન્ય લાભાર્થીઓના નામે બિનખેતી કરી આપવામાં આવી હતી અને તે જ દિવસે રેવન્યુ રેકર્ડમાં નોંધ પણ પાડી દેવાઈ હતી.

હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ગઇઅઈ તરફથી કલેક્ટર તંત્રના ગેરકાયદે નિર્ણય સામે સંખ્યાબંધ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે કલેક્ટરનો ગઅ કરવાનો હુકમ તદ્દન ગેરકાયદે ઠેરવ્યો હતો અને સદર જમીનને ખેતીની જમીન જ ગણવાનો આદેશ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જમીનના ઊંચા વળતર મેળવવા રચાતા કારસા અંગે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ લોકસભામાં મુદ્દો ઉઠાવ્યો હતો.

## દરેડમાં ઉછીના નાણાં આપવાની ના પાડનાર યુવકની નિર્મમ હત્યાઃ ચારની અટકાયત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવેલા દરેડ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે, જ્યાં એક જ પખવાડિયામાં હત્યાનો બીજો બનાવ બન્યો છે. દરેડના સ્મશાન પાસે વાપરવા માટે ઉછીના રૂપિયા આપવાની ના પાડવા જેવી બાબતે મિત્રો વચ્ચે ઘમાસાણ સર્જાયું હતું. જેમાં ક્રોધે ભરાયેલા ચાર શખ્સોએ બિહારના યુવાનને લાકડાના ધોકા વડે બેફામ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સારવાર દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા યુવકે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. ઘટનાની ગંભીરતાને




ધ્યાને લઈ પંચકોશી બી-ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ તમામ ચારેય આરોપીઓને પકડી પાડ્યા છે.

ઘટનાની વિગત અનુસાર, મૂળ બિહારના આમવા ગામના વતની અને હાલ દરેડમાં ઓરડી ભાડે રાખી મજૂરી કામ કરતા સૂર્યકાન્ત ઉર્ફે સૂર્યા બિટેશ્વર પ્રસાદ (ઉ.વ. ૨૮) ગત ૨૪ સપ્ટેમ્બરની રાત્રે દરેડના વાછરાદાદા મંદિર પાસે આવેલા સ્મશાનમાં બેઠા હતા. આ દરમિયાન તેમની સાથેના મિત્ર વિમલ પરમારે વાપરવા માટે ઉછીના રૂપિયા માંગ્યા હતા. સૂર્યકાન્તે ના પાડતાં ઉશ્કેરાયેલા વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ, વિરમ ઉર્ફે રાધે અને રવિરાજસિંહ કંચવાએ ભેગા મળી સૂર્યકાન્તને ધોકા વડે મરણતોલ માર માર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકની તબિયત લથડતાં તેને ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલ

અનુ પાના નં.૨ પર

## પુત્રવધુ અને સાત માસની પૌત્રી ઉપર વૃદ્ધાએ ગરમ પાણી રેડયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના અલિયા ગામે સાસુ અને વહુ વચ્ચેના ઘરકંકાસમાં અત્યંત ચકચારજનક અને અરેરાટીભરી ઘટના સામે આવી છે. ગામની મુખ્ય બજારમાં રહેતા જુનેદભાઈ ઈકબાલભાઈ વિંઘાણીના ઘરમાં સવારે સાસુ મેમુનાબેન અને પુત્રવધૂ મુસ્કાન વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ બપોરના સમયે મુસ્કાન પોતાની સાત માસની બાળકી આઈશાને લઈને રૂમમાં બેઠી હતી, ત્યારે સાસુ મેમુનાબેને અચાનક ગરમ પાણી ભરેલી ડોલ લાવીને બંને પર ધગધગતું પાણી છાંટી દીધું હતું. ગરમ પાણી પડતાં જ માતા અને માસુમ પુત્રી ગંભીર રીતે દાઝી જતાં દેકારો મચી ગયો હતો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા.

અચાનક બનેલી આ ઘટના બાદ દાઝી ગયેલી મુસ્કાન અને તેની સાત માસની દીકરી આઈશાને તાત્કાલિક ખાનગી વાહનમાં સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મુસ્કાનને ચહેરા, છાતી અને હાથ-પગના ભાગે તથા બાળકી આઈશાને પેટ અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી બંને સારવાર હેઠળ છે. બનાવ અંગે જુનેદભાઈ વિંઘાણીએ પોતાની જ સગી માતા મેમુનાબેન વિરુદ્ધ પત્ની અને બાળકી પર જાણીજોઈને ગરમ પાણી છાંટી દઝાડી દેવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ઘર કામ બાબતે દાદીએ ઠપકો આપતા ઝેર પી યુવતીનો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં આપઘાત અને અકાળે મોતના બે અલગ-અલગ કિસ્સાઓ સામે આવ્યા છે. કાલાવડ તાલુકાના પ્રભુજી પીપળીયા ગામે રહેતા મોહનભાઈ વાઘેલાની ૨૦ વર્ષીય પુત્રી અંજુબેનને તેમની દાદીએ ઘરકામ બાબતે ઠપકો આપતાં મનમાં લાગી આવવાથી ઘઉંમાં રાખવાનો ઝેરી પાવડર ગટગટાવી લેતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું, જે અંગે કાલાવડ ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા કિસ્સામાં ધ્રોલના મોટા ગરેડીયા ગામની સીમમાં રહેતા શ્રમિક રાલીબેન જીરીયાભાઈ મેહડા (ઉ.વ. ૩૧) નામના પરણીતાને વહેલી સવારે પેટ, છાતી અને પગમાં તીવ્ર દુખાવો ઉપડતાં સારવાર અર્થે લઈ જવાયા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. પોલીસ નોંધ મુજબ મૃતકને બે મહિના અગાઉ અછબડા થયા બાદ માથાના વાળ ખરી ગયા હતા અને શરીરે કાળા ડાઘ પડી ગયા હતા. આ બંને બનાવો અંગે સંબંધિત પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સગીર પુત્રીને સાવકા પિતા સાથે સુવા મજબૂર કરનાર સગી માતાના જામીન રદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક પડાણાના પાસે સગીર પુત્રીને સાવકા પિતા સાથે શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી બળાત્કારમાં મદદગારી કરનાર સગી જનેતાની જામીન અરજી પોક્સો કોર્ટે ફગાવી દીધી છે.

સગીરાએ પોતાની માતા અને સાવકા પિતા વિરુદ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગત તા.૨૨.૬.૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવી હતી. માતાએ મારે બાળકો થતા નથી, તું સાવકા પિતા સાથે સંબંધ રાખી દીકરાને જન્મ આપ તેમ કહી પુત્રી પર દબાણ કર્યું હતું. ત્યારબાદ અગાસી પર સુવા જવાના બહાને સાવકા પિતાએ સગીરા સાથે દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અવારનવાર આચરવામાં આવેલા દુષ્કર્મથી સગીરા ગર્ભવતી બની હતી અને તેણે પુત્રીને જન્મ આપ્યો હતો. આટલું થયા પછી પણ માતા સાવકા પિતા સાથે સંબંધ રાખવા મજબૂર કરતી હતી.

પોલીસે બંને આરોપીઓની ધરપકડ કર્યા બાદ આરોપી માતાએ ૫૦ વર્ષની ઉંમર અને માત્ર મદદગારીનો રોલ હોવાનું દર્શાવી જામીન અરજી કરી હતી. જોકે, સરકારી વકીલ રાજેશ કે, વસીયરે સખત વિરોધ કરતા દલીલ કરી હતી કે હોસ્પિટલમાં ડિલવરી વખતે આ માતાએ સક્રિય ભાગ ભજવ્યો હતો અને આ ગુનો અત્યંત ગંભીર તથા સમાજ માટે ઘાતક છે. પોક્સો અદાલતે વકીલની દલીલોને ધ્યાને લઈ કળયુગી માતાની જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે.

## કલ્યાણ ચોકથી રાજ સોસાયટી સુધી બોકસ કેનાલ બનાવો

**સમય સંદેશઃ જામનગર**

વોર્ડ નં. ૧૨ વિસ્તારમાં કલ્યાણ ચોક બાલનાથથી રાજ સોસાયટી સુધી આવેલી ખુલ્લી કેનાલમાં અવારનવાર કચરો, પ્લાસ્ટિક અને અન્ય ઘન કચરો જમા થવાથી વરસાદી પાણીના નિકાલમાં અવરોધ સર્જાય છે.

ખાસ કરીને ભારે વરસાદ દરમિયાન કેનાલ બ્લોક થવાથી આસપાસના રહેણાંક વિસ્તારો, રસ્તાઓ અને દુકાનોમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ઉપરાંત ગંદકી, દુર્ગંધ અને મચ્છરજન્ય રોગોની સમસ્યા પણ ઊભી થાય છે. દર વર્ષે સર્જાતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે માત્ર સફાઈ પૂરતી નથી. તેથી કલ્યાણજી ચોક બાલનાથથી

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com